# ભાગ્ય બડે જહાં સંત પધારે

## અમેરિકાનાં વિવિધ કેન્દ્રોમાં સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. હર્ષદદાદા અને સંતોનાં ધર્મવિચરણ

સંતભગવંત સાહેબદાદાની આજ્ઞાથી સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા, સદ્‌ગુરુ સંત પૂ. હર્ષદદાદા અને સંતોનું યુ.એસ.એ.માં અવિરત વિચરણ ચાલી રહ્યું છે. ૫ જુલાઈએ સાન આન્ટોનિયોમાં હસુ દલાલની મૉટલ પર પધરામણી કરી પૂ. અશ્વિનદાદા, પૂ. જયેશભાઈ ફ્લાઈટમાં ઍલનટાઉન મંદિરે જવા માટે રવાના થયા. પૂ. હર્ષદદાદા, પૂ. વાસુભાઈએ રાત્રે રમેશભાઈ પટેલ-સુરેખાબહેનના ઘરે પધરામણી કરી. ૬ જુલાઈએ સવારે પૂ. હર્ષદદાદા, પૂ. વાસુભાઈ ફ્લાઈટમાં ઍટલાન્ટા થઈ પિયોરિયા પહોંચ્યા. ડૉ. જિતુભાઈ, નયનકુમાર, સુધાકરભાઈ આદિએ સ્વાગત કર્યાં. બિમલભાઈ શેઠના ઘરે સાંજે સભામાં અગાઉ પૂ. અશ્વિનદાદાએ નિરૂપણ કરેલ ભજનનું વિડિયોદર્શન નિહાળી સૌ ખૂબ રાજી થઈ ગયા.

૬ જુલાઈએ પૂ. અશ્વિનદાદાએ ન્યૂજર્સીમાં પ.પૂ. ૧૦૮ યુવા વૈષ્ણવાચાર્ય ગોસ્વામી શ્રી વ્રજકુમાર મહોદયશ્રી દ્વારા આયોજિત ઈન્ટરનેશલ વૈષ્ણવ યુવા અધિવેશનમાં પધારી લાભ આપ્યો. ૭ જુલાઈએ પૂ. અશ્વિનદાદા ઍલનટાઉનથી સવારે ફ્લાઈટમાં નીકળી શિકાગો પહોંચ્યા. ત્યાંથી સી.એમ. પટેલ સાથે નીકળી સાંજે પિયોરિયા બિમલભાઈ શેઠ-પૂજાબહેનના ઘરે પહોંચ્યા. બિમલભાઈ-પૂજાબહેને પૂ. અશ્વિનદાદાનાં પૂજન કરી-પુષ્પાર્પણ કરી ભાવથી સ્વાગત કર્યાં. દીકરી સલોની અને યુવતીમંડળે સ્વાગતનૃત્ય કરી આવકાર્યા. ત્યારબાદ સૌ પારાયણ સ્થળે પધાર્યા. પૂ. વાસુભાઈ અને બિમલભાઈએ આવાહ્‌ન શ્લોક અને ભજનોનાં ગાન કર્યાં. પૂ. અશ્વિનદાદાએ પારાયણમાં સુંદર લાભ આપ્યો. ૮ જુલાઈએ સવારે પણ પૂ. અશ્વિનદાદાએ પારાયણમાં માર્ગદર્શન આપ્યાં. સાંજે બિમલભાઈની ઑફિસે, સ્મિતાબહેનની દુકાને તેમજ સંજયભાઈના ઘરે પધરામણીઓ કરી. રાત્રે સભામાં ડૉ. જિતુભાઈ શાહ રિટાયર્ડ થયા, તેઓએ શ્રી ઠાકોરજી અને સંતોનાં પૂજન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યાં અને કેક અર્પણ કરી.

૯ જુલાઈએ સવારે મીતના ઘરે, બિમલભાઈની ઑફિસે, મનુભાઈ-સુધાબહેનના ઘરે, સુધાકરભાઈ-કનકબહેન, ડૉ. જિતુભાઈ-રીટાબહેનના ઘરે પધરામણીઓ કરી. બપોર પછી કુસુમબહેન, મીલીન, રોશન-મિત્તલના નવા ઘરે મહાપૂજા ને ત્યારબાદ સભામાં લાભ આપ્યો. ત્યાંથી પૂ. અશ્વિનદાદા શિકાગો જવા રવાના થયા. સાંજે શિકાગોમાં અશોકભાઈ-જ્યોતિબહેનના ઘરે પધરામણી કરી પૂ. દિનકરભાઈના સ્વાસ્થ્યલાભ માટે તેઓને મળવા મંદિરે પધાર્યા. પૂ. હર્ષદદાદા અને પૂ. વાસુભાઈએ રાજુભાઈના ઘરે પધરામણી કરી. વસંતભાઈ-મંજુબાના ઘરે રાત્રિરોકાણ કર્યું.

૧૦ જુલાઈએ ગુરુવર્ય પ.પૂ. સાહેબદાદાની આજ્ઞાથી પૂ. હર્ષદદાદા અને પૂ. વાસુભાઈએ ફ્લાઈટમાં મિનિયાપોલીસ પ્રવીણભાઈ-વસુબહેનના ઘરે પધારી પ્રવીણભાઈના સ્વાસ્થ્યલાભ માટે ધૂન-પ્રાર્થના કર્યાં. રાત્રિરોકાણ રાજનભાઈની મૉટલ પર કર્યું. ૧૧ જુલાઈએ સવારે રાજનભાઈના ઘરે સૌ પરિવારજનો તથા ચંપકભાઈ સાથે ગોષ્ઠિ કરી. બપોરે ફ્લાઈટમાં નીકળી મીલવૉકી પહોંચ્યા. રાજનના ઘરે પધરામણી કરી સૌ પરિવારજનો - દીકરા સ્તવન તથા દીકરી ક્ષમાને આશીર્વાદ આપ્યા.

૧૪ જુલાઈ-રથયાત્રાના શુભ દિને તિથિ પ્રમાણે પ્રાગટ્યદિને પૂ. અશ્વિનદાદાએ ઍલનટાઉન મંદિરે પ્રાતઃ પૂજામાં લાભ આપ્યો. આજના શુભ દિનથી યોગી યૂથ કૅમ્પનો પ્રારંભ થયો. ૧૫ જુલાઈ-તારીખ પ્રમાણે પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યદિનની મંગલ પ્રભાતે શ્રી ઠાકોરજીની આરતી પૂ. અશ્વિનદાદાએ અર્પણ કરી અને ત્યારબાદ શિબિર સભામાં યુવાનોને લાભ



'યોગી યૂથ કૅમ્પ-૨૦૧૮'ની ઉદ્‌ઘાટન સભામાં સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાનાં આશીર્દાન



'યોગી યૂથ કૅમ્પ-૨૦૧૮'માં સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા અને સંતોના સાંનિધ્યે શિબિરાર્થીઓ

આપ્યો. સાંજે પ્રાગટ્યદિનની સભામાં સૌ સંતો-ભક્તોએ માહાત્મ્યગાન કર્યાં તથા પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ આપ્યા. ૧૫થી ૧૯ જુલાઈ યોગી યૂથ કૅમ્પની વિવિધ સભાઓ અને પ્રવૃત્તિઓમાં યુવાનોને માર્ગદર્શન આપ્યાં તેમજ સાથે રહી પ્રોત્સાહિત કર્યા.

### ઍલનટાઉન, યુ.એસ.એ. મંદિરે 'યોગી યૂથ કૅમ્પ'

સંતભગવંત પ.પૂ. સાહેબદાદાની આજ્ઞા અને પ્રેરણાથી ઍલનટાઉન મંદિરે યોગી યૂથ કૅમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. શનિવાર, ૧૪ જુલાઈના રોજ સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા ને પૂ. હર્ષદદાદાના સાંનિધ્યે યૂથ કૅમ્પનો આરંભ થયો, જેમાં ૧૫૦થી વધારે કૅમ્પર્સે લાભ લીધો. ૧૪થી ૨૦ જુલાઈ દરમિયાન યોજાયેલ આ શિબિરમાં શિબિરાર્થીઓની ઉંમર પ્રમાણે ચાર અલગ અલગ ગ્રૂપ બનાવાયાં.

દરરોજ સુનિશ્ચિત સભાસત્રો, ટીમ બિલ્ડિંગ પ્રવૃત્તિઓ, સાંજે વિશિષ્ટ કાર્યક્રમો સહિત વિવિધ અનેક કાર્યક્રમોનાં આયોજન કૅમ્પમાં કરવામાં આવ્યાં. સંતો અને પધારેલ મહેમાનોએ ઉદ્‌ઘાટન સમારોહ માટે મંદિરના હૉલમાં એકત્ર થઈ દિવ્ય દીપ પ્રગટાવી કૅમ્પનું ઉદ્‌ઘાટન કર્યું. સમગ્ર શિબિર દરમિયાન થનારી વિવિધ પ્રવૃત્તિઓથી સૌને માહિતગાર કરાયા.

શિબિરાર્થીઓનો દિવસ રોજ સવારે પૂજાથી શરૂ થતો. પૂ. હર્ષદદાદાનાં માર્ગદર્શન હેઠળ બધાં જ બાળકોને પૂજા કેવી રીતે કરવી તેની મૅડિટેટિવ બ્રીધિંગ ટૅકનિક, પૂજાવિધિનો અર્થ, માળાનું મહત્ત્વ આદિ શિખવવામાં આવ્યું. સવારે સદ્‌ગુરુ સંતોના સાંનિધ્યમાં સભા અને પ્રશ્નોત્તરીનો લાભ સૌ શિબિરાર્થીઓને પ્રાપ્ત થયો. આખી શિબિરનો મુખ્ય વિષય હતો – 'ભગવાન કર્તાહર્તા છે' આ વિષય ઉપર સદ્‌ગુરુ સંતોએ મનનીય આધ્યાત્મિક વાતો કરી સુંદર માર્ગદર્શન આપ્યાં.

પૂ. અશ્વિનદાદા તથા પૂ. હર્ષદદાદાએ ઇષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનના સમયના જુદા જુદા પ્રસંગો વર્ણવી જીવનમાં ઇષ્ટદેવનું મહત્ત્વ અને નિષ્ઠાની સમજ આપી. ગુજરાતી ભાષામાં અપાતાં આશીર્વાદ પ્રવચનોમાં શિબિરાર્થીઓને જો ઊંડી સમજ ના પડે તો સભા પછી ના સમજાય તેવા પ્રશ્નોના ઉત્તર કોઑર્ડિનેટર પાસેથી પ્રાપ્ત થાય તેવાં સુંદર આયોજન કરાયાં.

બપોરના સમયે ગોષ્ઠિમાં શ્રીજીમહારાજના ઉપદેશને વ્યાવહારિક જીવનના વર્તનમાં લાવવા માટેની સમજ ગ્રૂપના લીડર દ્વારા આપવામાં આવતી. જુદી-જુદી રમતો અને પ્રવૃતિઓ દ્વારા કૅમ્પર્સ એકબીજાની નજીક આવે અને એકબીજાને જાણી શકે તેવું આયોજન કરવામાં આવ્યું હતું. જૂના કૅમ્પર્સ નવા મિત્રો બનાવે તે માટેની પ્રવૃત્તિઓ ગોઠવાઈ. શિબિરાર્થીઓ સ્વનિર્ભર થઈ શકે તે માટે 'ડુ ઇટ યોર સૅલ્ફ' પ્રૉજેક્ટ કરવામાં આવ્યો, જેમાં જુદી જુદી રચનાત્મક ક્ષમતા અને કલાત્મકતા શિબિરાર્થીઓ દ્વારા દર્શાવવામાં આવી. 'રિયલ ટૉક' સત્રો દરમિયાન જૂના કૅમ્પર્સ અને સ્વયંસેવકોએ તેમના અંગત અનુભવો જણાવી હકારાત્મકતા, ધ્યેય સૅટિંગ આદિ જરૂરી વિષયો પર વાતો કરી. સાંજે બાસ્કેટ બૉલ, સોકર, વૉલીબોલ, ફ્રિસ્બી અને કિકબૉલ આદિ વિવિધ રમતો રમી કૅમ્પર્સે ખૂબ આનંદ કર્યો.

માનસિક, શારીરિક અને આધ્યાત્મિક વિકાસ માટેની અનેક પ્રવૃત્તિઓ અને રમતો કૅમ્પ દરમિયાન રાખવામાં આવી. જુદાં જુદાં મંડળોમાંથી યુવાનો સાંસ્કૃતિક પ્રૉગ્રામની તૈયારી પણ કરીને આવ્યા. ભજન કૉમ્પિટિશન, મુખપાઠ, 'સ્વામીની વાતો' વગેરેની સ્પર્ધાઓનાં આયોજન કરાયાં. મંદિરના મેદાનમાં એક દિવસ કાર્નિવલ ફૅસ્ટિવલમાં બાળકોએ આનંદકિલ્લોલ કરી બ્રહ્માનંદનો લાભ લીધો.

શિબિરના અંતિમ દિવસે અનુપમ ઍવૉર્ડનો સમાપન સમારોહ કરવામાં આવ્યો. અનેક શિબિરાર્થીઓએ પોતાના અનુભવનું દર્શન કરાવ્યું. પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ આપી યુવાનો પર ખૂબ જ રાજીપો વ્યક્ત કર્યો. સમગ્ર શિબિર દરમિયાન અનુપમ પરિવારના સિનિયર યૂથ લીડરોએ ભેગા મળી સુહૃદભાવથી સેવાઓ કરી.

(હર્ષિદાબહેનના અહેવાલ પરથી સંકલિત) ◆

૨૦ જુલાઈએ પૂ. અશ્વિનદાદાએ ઍલનટાઉન મંદિરની પાટોત્સવવિધિ સંપન્ન કરી આશીર્વાદ આપ્યા. ૨૧ અને ૨૨ જુલાઈ યોગી જ્ઞાન શિબિરમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાના પારાયણનો લાભ આપ્યો. ૨૧મીએ સાંજે ગુરુપૂર્ણિમાની સભા થઈ. સૌ ભક્તોએ પૂ. અશ્વિનદાદા અને સંતોનાં પૂજન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. ૨૪ જુલાઈએ ફ્લાઇટમાં સાન ફ્રાન્સિસ્કો પધાર્યા.

૨૫-૨૬ જુલાઈ દરમ્યાન કૅલિફોર્નિયા મંડળના અનેક હરિભક્તોના ઘરે પધરામણી કરી સૌની સુખાકારી માટે ધૂન-પ્રાર્થના કરી. ૨૭ જુલાઈના રોજ ગુરુપૂર્ણિમાના મંગલકારી પર્વે ચર્ચના હૉલમાં મંડળની સભામાં ગુરુપૂર્ણિમાના પાવન પર્વની ઉજવણી કરી ભક્તોને ભક્તિનો અદ્‌ભુત લાભ આપ્યો. આ પ્રસંગે ભક્તોએ માહાત્મ્યગાન કરી ભક્તિ અદા કરી. વળી, સુશોભન, રસોઈ, સભાવ્યવસ્થા આદિ વ્યવસ્થાઓમાં પણ સૌએ સંપ, સુહૃદભાવ અને એકતા જાળવી ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યો. ૨૮ જુલાઈના રોજ ચર્ચના હૉલમાં મંડળની સામૂહિક સભામાં સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી બ્રહ્મજ્ઞાનની આશિષવર્ષામાં સૌને તરબોળ કર્યાં. ◆

### ઇંગ્લૅન્ડમાં સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાનાં સાંનિધ્યમાં ભક્તિની હેલી

સંતભગવંત સાહેબજીની આજ્ઞા ઝીલી સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા, પૂ. અશોકભાઈ ઇંગ્લૅન્ડ પધાર્યા. ભક્તોએ અત્યંત ભાવથી તેઓનાં સ્વાગત કર્યાં. સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાના સાંનિધ્યે ઇંગ્લૅન્ડમાં અનેક ભક્તિઉત્સવ યોજાયા, જેમાં સૌ ભક્તોએ ભેગા મળી સેવાઓ કરી અને ઉપાસના મર્મને સમજ્યા.

## ગુરુપૂર્ણિમાનો અલૌકિક ઉત્સવ

તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, યુ.કે.માં ૨૯ જુલાઈના મંગલકારી દિવસે શ્રી ઠાકોરજી અને સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાના સાંનિધ્યમાં ગુરુપૂર્ણિમાનું અલૌકિક પર્વ ભક્તિભાવપૂર્વક ઉજવાયું. ઇંગ્લૅન્ડના ભક્તોનાં ખૂબ જ અહોભાગ્ય કે, સૌના પ્રાણાધાર ગુરુવર્ય પ.પૂ. સાહેબજીએ અતિ કરુણા કરીને પૂ. શાંતિદાદાને આ અવસરે અત્રે મોકલ્યા અને સૌને તેઓનું પૂજન કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું.

સભાના પ્રારંભે હિંડોળા પર્વનું ઉદ્‌ઘાટન પૂજન-મંત્રપુષ્પાંજલિ વિધિથી કરવામાં આવ્યું. યુવાન-યુવતીઓ દ્વારા સુંદર સુશોભન કરવામાં આવ્યું હતું, પૂ. શાંતિદાદાએ સૌની ભક્તિને બિરદાવી. ભાવિશાબહેને સભાનું સંચાલન કર્યું. ગુણાતીત સમાજ વતીથી વિનુભાઈએ મહારાજ, સ્વામી અને સાહેબજીને ગુરુપૂર્ણિમાની પ્રાર્થના ધરી. પૂ. શાંતિદાદાએ ગુરુપૂર્ણિમાનો મહિમા સમજાવ્યો તેમજ ગુરુવર્ય પ.પૂ. સાહેબદાદાને પ્રસન્ન કરવા સૌને પ્રભુનાં કાર્યમાં સમર્પિત થવાની અને એ કરવા માટે 'નિર્દોષબુદ્ધિ દૃઢ કરીએ એ સાચું ગુરુપૂજન છે', તે ભાવના સમજાવી ગુરુની રુચિ અને અભિપ્રાયની ભક્તિ કરવાની સૂઝ અને સમજ સાથે પૂ. શાંતિદાદાએ સુંદર આશીર્વાદ આપ્યા. ત્યારબાદ ગુરુપૂજન થયાં. નાના-મોટા તમામ ભક્તોને પૂ. શાંતિદાદાનાં પૂજન કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. પૂ. શાંતિદાદાએ પણ સૌના ભાલમાં તિલક કરી આશીર્વાદ આપ્યા. સૌએ ગુરુચરણે યથાશક્તિ ભેટ અર્પણ કરી ધન્યતા અનુભવી.

મંદિરની સેવા અર્થે યોજાયેલ FIRE WALK કાર્યક્રમમાં સૌએ ઉત્સાહથી ભાગ લઈ સેવારાશિ એકત્ર કરી. આ નિમિત્તે બ્લડ કૅન્સર ચૅરિટી નિમિત્તે સ્ટેમ સેલ ડૉનેશનની સંસ્થાને યુવાનોએ SWAB રૂપે અર્પણ કરી પાંચ વર્ષની દીકરી કયા પટેલ માટે સેવાની ભાવના વ્યક્ત કરી.

અંતમાં ગુરુવર્ય પ.પૂ. સાહેબજીએ આપેલા શ્રી વડતાલ ધામના શ્રી હરિકૃષ્ણમહારાજના પ્રસાદીના ગુલાબના હારની પાંદડીઓ મહાપ્રસાદમાં પધરાવી, ગુરુવર્ય પ.પૂ. સાહેબજીની સ્મૃતિ સાથે સૌએ મહાપ્રસાદ માણ્યો.

આ ઉત્સવમાં મોટી સંખ્યામાં ભક્તોએ પધારીને સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાનો અદ્‌ભુત લાભ માણ્યો અને ધન્યતા અનુભવી. ◆

## ઇંગ્લૅન્ડમાં દ્વિદિવસીય અધ્યાત્મ પારાયણ

અનુપમ મિશન, બ્રહ્મજ્યોતિ, ડૅન્હમ-યુ.કે. મંદિરે ૫-૬ ઑગસ્ટ, શનિ-રવિવારના રોજ શ્રી ઠાકોરજીના સાંનિધ્યે સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા દ્વારા 'અક્ષરમ્ અહં પ્રગટ પુરુષોત્તમસ્વરૂપસ્ય દાસોઽસ્મિ' આ વિષય પર સુંદર પારાયણનો લાભ મળ્યો.

શનિવારે સવારે અને રાત્રે એમ બે સત્રમાં સૌ ભક્તોને પૂ. શાંતિદાદાની દિવ્ય પરાવાણીનો અદ્‌ભુત લાભ મળ્યો. પારાયણની શરૂઆત દીપપ્રાગટ્ય અને ત્યાર બાદ વ્યાસપીઠ પર બિરાજમાન પૂ. શાંતિદાદાના પૂજનથી થઈ. શ્રી ઠાકોરજી અને પોથીની આરતીનો પણ હાજર સૌ બહેનો, ભાઈઓએ લાભ લીધો. પૂ. શાંતિદાદાએ અત્યાર સુધીમાં હિંદુ ફિલોસૉફીમાં પ્રચલિત છ દર્શન અને હાલમાં પૂ. ભદ્રેશદાસસ્વામી દ્વારા પ્રમાણભૂત બનેલા 'શ્રી અક્ષરપુરુષોત્તમ દર્શનમ્' અંગે વિગતવાર વાત કરી સૌને સુંદર લાભ આપ્યો. રાત્રિ પારાયણમાં 'હે આજ મુને ટાણું મળ્યું તારા ગુણલા ગાવા રે...' એ ભજનનું નિરૂપણ કરી સંતભગવંત સાહેબદાદા આપણા જીવનમાં કેવી રીતે અને શું પરિવર્તન લાવી સાધના કરાવી રહ્યા છે તેની ખૂબ સચોટ વાતો કરી સૌને જીવન જીવવાની સમજ આપી.

રવિવારે સવારની પારાયણમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસના એટલે શું ને સૌ દૃષ્ટિવાળાં ચૈતન્યો કેવી જાગ્રતતા સાથે જીવે તો સદાય સુખિયાં બની રહે તેની સમજ આપી સૌને આનંદ કરાવ્યો. છેલ્લા સત્રમાં સૌ ભક્તોએ જે પ્રશ્નો પૂછ્યા તેના સચોટ ને અદ્‌ભુત જવાબ આપી પૂ. શાંતિદાદાએ સૌને જાગ્રતતા સાથે જીવવાની સુંદર સમજ આપી અને તેવું જીવવા સૌને બળ મળે તે માટે પ્રાર્થનાઓ પણ વહાવી. આમ, પારાયણ સભાઓમાં સૌ ભક્તોએ પૂ. શાંતિદાદાની પરાવાણીનો અદ્‌ભુત લાભ લીધો. ભારતથી ગુરુવર્ય પ.પૂ. સાહેબદાદાએ પણ ટૅલિફોન પર આશીર્વાદ આપી સૌ ભક્તો પર કરુણા ને આશીર્વાદ વહાવ્યાં. ◆

**(પૂ. હિંમતસ્વામી-પૂ. અશોકભાઈના અહેવાલ પરથી સંકલિત)**





ઇંગ્લૅન્ડ-ડૅન્હમ મંદિરે પૂ. શાંતિદાદાના શ્રીમુખે અધ્યાત્મ પારાયણ